# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૯૦ તા.૩૦-૧૧-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- સુકો કચરો - ભીનો કચરો સેગ્રીગેશન સંદર્ભે સ્કાઉટ ભવન ખાતે તા.૨૯-૧૧-૧૮ના રોજ થયેલ મીટીંગના અનુસંધાને અમલ કરવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે સુકો કચરો-ભીનો કચરો સેગ્રીગેશન સંદર્ભે સ્કાઉટ ભવન ખાતે તા.૨૯-૧૧-૧૮ના રોજ થયેલ મીટીંગના અનુસંધાને નીચે પ્રમાણેની સુચનાઓનો અમલ કરવો.

| **તારીખ** | **કાર્યક્રમની વિગત** |
|---|---|
| ૦૧-૧૨-૨૦૧૮ | - પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓને કચરાના સેગ્રીગેશન અંતર્ગતની જિંગલનું નિદર્શન કરાવવું<br>- સુકો કચરો - ભીનો કચરાના અલગીકરણ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવું.<br>- શાળાની આસપાસના વિસ્તારમાં સુકો કચરો - ભીનો કચરો અલગ રાખવા માટેની જાગૃતતા ફેલાવવા માટે રેલી કરવી.<br>- જનજાગૃતિ માટેની પત્રિકાનું વિતરણ કરવું.<br>- શાળામાં બેનર લગાવવા. |
| ૦૨-૧૨-૨૦૧૮ | જે તે ઝોનના ડે.મ્યુનિ.કમિશનરશ્રીના માર્ગદર્શન નીચે પોતાના ઝોનમાં કરવાની થતી કામગીરીનું આગોતરું આયોજન કરી મદદનીશ શાસનાધિકારીશ્રી પોતાના ઝોન હસ્તકના શિક્ષકોને તા.૨-૧૨-૧૮ ના રોજ કરવાની થતી કામગીરી જણાવે તે મુજબ સૌ શિક્ષકોએ કામગીરી કરવી. |
| ૩-૧૨-૧૮ થી<br>૩૧-૧૨-૧૮ સુધી | - પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓને કચરાના અલગીકરણ સંદર્ભે સુત્રોચ્ચાર,ચર્ચા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવું.<br>- પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓને કચરાના સેગ્રીગેશન અંતર્ગતની જિંગલનું નિદર્શન કરાવવું |

- જિંગલ નિદર્શન માટે વિડીયો-૧ માટે https://youtu.be/3WuM8aEz6_Y લીંક તથા વિડીયો-૨ માટે https://youtu.be/45enPKTCvDk લીંક પર કલીક કરવું.
- પત્રિકાઓ તેમજ બેનર જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રી પાસેથી મેળવી લેવાની રહેશે.
- ઉર્દૂ-હિન્દી ઝોનના શિક્ષકશ્રીઓએ જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીની સૂચના મુજબ કામગીરી કરવાની રહેશે. આ અંગેનું સંકલન હિન્દી ઉર્દૂ ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રી દિનેશકુમાર કુશવાહ (મો.નં.૭૫૭૩૯૫૨૬૩૬)એ કરવાનું રહેશે.
- સુકો કચરો-ભીનો કચરો સેગ્રીગેશન સંદર્ભે કરેલ કામગીરીનો ફોટોગ્રાફ સાથેનો અહેવાલ જે-તે બીટસુપરવાઈઝરશ્રીને દિન-૧માં આપવાનો રહેશે.

તા.૩૦-૧૧-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી